# દરિયા કિનારાની સુરક્ષા માટે અદ્યતન હેલિકોપ્ટર ખરીદાશે

## ગાંધીનગર : મોદીના 'સોલાર સિટી' પછી આનંદીબેનનું 'ફ્લાવર સિટી'

ગુજરાત સરકાર પાસે પોતાની માલિકીનું એક હેલિકોપ્ટર અને એક નાનકડું વિમાન છે. હવે સરકાર એક નવું હેલિકોપ્ટર ખરીદવા જઇ રહી છે. જો કે આ સાધનમાં વીવીઆઈપી નેતાઓ નહીં, આધુનિક મશીનરી થી સજ્જ સુરક્ષાના જવાનો બેસશે. એટલે કે ગુજરાતના ૧૬૦૦ કિલોમીટરના દરિયાકિનારાના સંરક્ષણ માટે, કિનારાની સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવા એરબોર્ન લો એન્ફોર્સમેન્ટ અંતર્ગત હેલીકોપ્ટર ખરીદવામાં આવશે. આ હેલીકોપ્ટરને સર્વેલન્સના હેતુથી વધુ સુવિધાપૂર્ણ બનાવવા કેટલીક ખાસ પ્રકારની સાધનસામગ્રી પણ ફીટ કરાશે. હાલ તુરત ૧૦ કરોડ રૂપિયા સરકારે મંજૂર કરવાનું નક્કી કર્યુ છે...

**એસીબીના વાહનો પણ બદલાશે ...**

એન્ટી કરપ્શન બ્યુરો- એટલે એસીબીના ઓફિસરો જે વાહનોમાં ટ્રેપ કરવા જાય છે ત્યારે ભલે તેઓ છૂપા વેશમાં હોય તેમની ઓળખ સરકારી ગાડીથી થઈ જાય છે તેથી ગુનો કરનારા આરોપીઓને ખબર પડી જતી હોય છે. આ ઓળખને છૂપાવવા માટે સરકારે એસીબીના વાહનો બદલવાની દરખાસ્ત કરી છે. લાંચનું છટકું ગોઠવવામાં છૂપી પોલીસની પદ્ધતિ યોગ્ય છે, પરંતુ તેઓ જે ગાડીમાં જાય છે તે સરકારી હોવાથી ઘણીવાર ટ્રેપ નિષ્ફળ બની જતી હોય છે. હવે એવું નહી થાય, કારણ કે સરકાર વાહનો ખરીદશે પરંતુ તે વાહનો સામાન્ય લોકો ચલાવતા હોય છે તેવા હશે. સરકારી ગાડી કે પોલીસનું કોઇ લેબલ નહીં હોય, અને આસાનીથી ટ્રેપ ગોઠવીને ભ્રષ્ટાચારી કર્મચારી કે અધિકારીને પકડી શકાશે...

**મહિલા સીએમનું ફ્લાવર સિટી ...**

ગુજરાતના પાટનગર ગાંધીનગરને મોદી સરકારે સોલાર સિટી બનાવવાનું બીડું ઝડપ્યું હતુ અને હવે આનંદીબેન પટેલે આ શહેરને ફ્લાવર સિટી

● અનુસંધાન પાન-૭ પર

**હાશ, આઈટીની નવી કેડર મળશે પરંતુ અફસોસ, 'કોન્ટ્રાક્ટ બેઝ' હશે**

**જિલ્લાઓની સમીક્ષા એટલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી આવી રહી છે**

**ટાઈમ લાઈન**

**- ગૌતમ પુરોહિત**





(તસવીર : કશ્યપ નિમાવત)



મહિલા સાયકલ રેલી - ગ્રીન ગર્લ્સ ગાંધીનગર (જી-૩) દ્વારા વિશ્વ મહિલા દિન નિમિત્તે ઐતિહાસિક મહિલા સાયકલ રેલીને પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડ્યો હતો. ૩૦૦થી વધુ યુવતિઓએ ભાગ લઈ મહિલા શક્તિનો પરિચય કરાવ્યો હતો... સાહસિકતા અને આત્મવિશ્વાસ જેવી આંતરિક શક્તિઓની અભિવ્યક્તિ માટે યોજાયેલ ઘ-૦થી મહાત્મા મંદિર સુધી યોજાયેલ મહિલા સાયકલ યાત્રામાં મહિલાઓ, યુવતિઓ, અને વિદ્યાર્થીનીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. (તસવીર : દિપક જાની)

# શહેરમાં યોજાયેલ પ્રથમ મહિલા સાયકલ રેલીને પ્રોત્સાહક પ્રતિસાદ

**આંતરરાષ્ટ્રીય મહિલા દિને ગાંધીનગરમાં પર્યાવરણ જાળવણી માટે સાયકલ રેલીનું આયોજન કરાયું : ૧૫ થી ૬૧ વર્ષ સુધીની ૩૦૦થી વધુ મહિલાઓ જોડાઈ : મહિલાઓમાં સાયકલના ઉપયોગ અંગે જાગૃતિ ફેલાવી સાયકલસીટી બનાવવાની જી-૩ કલબની નેમ**

ગાંધીનગર, તા. ૮

આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ભારતના ઈતિહાસમાં સૌ પ્રથમવાર જી-૩ સાયકલ ક્લબ દ્વારા મહિલા સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા સાયકલ રેલીનો સવારે ૬.૩૦ વાગે ઘ-૦ સર્કલથી પ્રારંભ કરાયો હતો. જેનું મહાત્મા મંદિરે સમાપન થયું હતું. આ રેલીમાં ગાંધીનગરની ૧૫ થી ૬૧ વર્ષ સુધીની લગભગ ૩૦૦ થી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો.

ગ્રીન ગર્લ્સ ગાંધીનગર એટલે કે જી-૩ ક્લબ દ્વારા હરિયાળા પાટનગરની ગ્રીનરી જળવાઈ રહે તે માટે લોકોના સ્વાસ્થ સાથે ટ્રાફિક, પ્રદૂષણ અને ફ્યુલ વપરાશથી બચાવવા સાયકલસીટી બનાવવાની નેમ રાખીને મહિલા સાયકલ રેલીનું આયોજન કર્યુંહતું. જી-૩ ક્લબ ભૂમિ જોગાણી, પિંકી ઝા તથા પ્રિતી સોનવાને દ્વારા કુલ ૨૧ મહિલા સભ્યો સાથે ચલાવતી સાયકલ ક્લબ છે. આ ક્લબનો હેતુ અન્ય શહેરોની માફક ગાંધીનગરમાં પણ વધી રહેલા ટ્રાફિક સામે મહિલાઓને જાગૃત કરી સાયકલ ચલાવવાના ફાયદાથી માહિતગાર કરવાનો અને અન્યોને પ્રેરિત કરવાનો

● અનુસંધાન પાન-૭ પર

# તાપમાનમાં નોંધપાત્ર વધારો થતાં ગરમી વધી

ગાંધીનગર, તા. ૮

ફરી એકવાર કમોસમી વરસાદની આગાહી વચ્ચે આજે મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર વધારો થતાં ગરમીમાં વધારો થયો છે. છેલ્લા કેટલાય દિવસોથી અનુભવાતી ઠંડક આજે ગાયબ થઈ ગઈ હતી.

હોળી બાદ ધીમે ધીમે વાતાવરણમાં પલ્ટો આવતો જાય છે અને તાપમાન ઉંચે જતુ જાય છે. ગઈકાલે સાંજે આકાશમાં વાદળો ઘેરાયા હતા અને ફરી એકવાર કમોસમી વરસાદની આગાહી સાચી પડતી લાગતી હતી. પરંતુ સવાર સુધીમાં તો તમામ વાદળો વિખેરાઈ ગયા હતા અને દિવસ દરમ્યાન જોરદાર તડકો પડ્યો હતો જેના કારણે મહત્તમ તાપમાન ૩૨.૫ ડિ.સે. સુધી પહોંચી ગયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન પણ ૧૯.૦૦ ડિ.સે. જેટલું ઉંચુ નોંધાયું હતું. મહત્તમ અને લઘુત્તમ તાપમાન ઉંચુ જતાં ગરમીનો અહેસાસ થતો હતો. આખો દિવસ પંખા ફુલ સ્પીડે ચલાવવાની ફરજ પડી હતી.

# શહેરમાં સર્જાતો પરીક્ષાનો માહોલ

**બોર્ડની પરીક્ષાના દિવસોમાં ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા પડશે**

ગાંધીનગર, તા. ૮

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ધો. ૧૦ થી ૧૨ની જાહેર પરીક્ષાઓને અનુલક્ષી અધિક જિલ્લા કલેકટર શ્રી ગુણવંતસિંહ સોલંકીએ પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની અંદર આવતા ઝેરોક્ષ સેન્ટરો પરીક્ષાના દિવસોમાં બંધ રાખવાના આદેશો કર્યો છે.

આગામી ૧૨મીથી આ જાહેર પરીક્ષાઓ આરંભાઈ રહી છે. શિક્ષણ વિભાગ દ્વારા આ પરીક્ષાઓના સંચાલન અંગેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જિલ્લામાં આવેલા વિવિધ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાને લઈ ચાંપતો પોલીસ બંદોબસ્ત લગાવવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

જિલ્લામાં શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષાનું સફળ સંચાલન થઈ શકે તે માટે અધિક નિવાસી જિલ્લા કલેક્ટર શ્રી ગુણવંતસિંહ સોલંકીએ પરીક્ષાના દિવસો દરમ્યાન કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવતા ઝેરોક્ષ સેન્ટરો પરીક્ષાના દિવસો દરમ્યાન બંધ રાખવાના હૂકમો કર્યા છે. આ અંગેનું જાહેરનામુ પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યું છે.

પરીક્ષામાં માસ કોપીંગ કે ચોરીના કિસ્સાઓ ના બને તે માટે સી.સી. ટી.વી. કેમેરાથી પણ નજર રાખવામાં આવનાર છે. જે સ્કૂલોમાં આ વ્યવસ્થા ના હોય ત્યાં ટેબ્લેટની મદદ લેવામાં આવનાર છે. જિલ્લાતંત્ર, શિક્ષણતંત્ર અને પોલીસતંત્ર પરીક્ષાઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે માટેની તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં વ્યસ્ત છે.

# ગ્રામ્ય વિસ્તારના પરીક્ષા કેન્દ્રો માટે એસ.ટી.ની ૫ બસો દોડશે

**પરીક્ષાર્થીઓ સમયસર પહોંચે તે માટે ખાસ બસ વ્યવસ્થા**

ગાંધીનગર, તા. ૮

આગામી બોર્ડ પરીક્ષાને અનુલક્ષી ગ્રામ્ય વિસ્તારના પરીક્ષા કેન્દ્રો સુધી પરીક્ષાર્થીઓ સરળતાથી પહોંચી શકે તે માટે એસ.ટી. તંત્ર દ્વારા ૫ બસો રૂટમાં દોડાવાશે.

ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા દરમિયાન શાંતિ અને સલામતીનું વાતાવરણ જળવાઈ રહે તે માટે જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા જરૂરી આયોજન કરવામાં આવ્યું છે. પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી **સ્વ. દિનકરરાય ભવાનીશંકર રાવલનું** દુઃખદ અવસાન તા. ૭/૩/૨૦૧૫ના રોજ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૯/૩/૨૦૧૫ને સોમવારે સાંજે ૪-૦૦ થી ૬-૦૦** કલાકે રાખેલ છે.

**સ્થળ : ૭૨૭/૧, જાગૃતિ પાર્ક, સેક્ટર-૩૦, ગાંધીનગર. મો. : ૯૯૭૮૪ ૦૬૫૧૫**

લિ.

**મીનળ મયુરભાઈ રાવલ** — **મયુર દિનકરરાય રાવલ**
**જયશ્રી પરેશભાઈ રાવલ** — **પરેશ દિનકરરાય રાવલ**
**સોનલ અતુલભાઈ રાવલ** — **અતુલ દિનકરરાય રાવલ**
**કોકિલાબેન દિનકરરાય રાવલ** — **રાજેશ્વરી બિપીનચંદ્ર ભટ્ટ**

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફ્લાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.



વિશ્વ મહિલા દિન - એક તરફ વિશ્વ મહિલા દિન નિમિત્તે સાયકલ, સ્કૂટર રેલીનું આયોજન થયું હતું તો બીજી તરફી આ શ્રમજીવી મહિલાઓએ જાણે કે શ્રમરેલીનું આયોજન કર્યું હોય તેમ બાંધકામ માટેના કાચામાલ બનાવવાનું મશીન લઈને નીકળી છે... સમાજ જીવનની આ બીજી વાસ્તવિકતા છે... કે હજુ પણ મહિલાઓના સર્વાંગી વિકાસ માટે કંઈક કરવું જરૂરી છે... મહિલાઓના ઉત્થાન માટે ઘણી બધી યોજનાઓ છે... બસ હવે નવી પેઢીને એક નવી દિશા ચિંધવાની જરૂર છે... જનજાગૃતિની જરૂર છે...

# સેકટરોમાં શેરી સફાઈના નામે મીંડુ : જાહેર સ્થળોએ કચરાના ઢગ

**ડોર ટુ ડોર કચરા એકત્રિકરણની સાથે શેરી સફાઈ વ્યવસ્થા હાથ ધરવા પ્રબળ માંગ**

ગાંધીનગર, તા.૮

શહેરમાં ડોર ટુ ડોર કચરો એકત્રિત કરવાની યોજના પૂર્ણરૂપે અમલી બનતા ગંદકીની જટીલ સમસ્યા હળવી બની હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. પરંતુ સેકટરોમાં શેરી સફાઈના નામે મીંડુ હોવાથી નિર્મળ નગર અને સ્વચ્છ ભારતના અભિયાનના અંતે પણ શહેરમાં કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. ઘરે ઘરેથી કચરો એકત્રિત કરવાની સાથે શેરી સફાઈ તરફ પણ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે તેવો સૂર ઉઠવા પામ્યો છે.

શહેરમાં દાયકાઓના અંતે પણ સફાઈ વ્યવસ્થાનું નકકર આયોજન થઈ શકયું નથી. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ સેકટરોમાંથી ડોર ટુ ડોર કચરો એકત્રિત કરવાની યોજના અમલી બની છે. કોર્પોરેશન દ્વારા કચરપેટીનું વિતરણ કરી સૂકો અને ભીનો કચરો એકત્રિત કરવાની વ્યવસ્થા પૂર્ણરૂપે હાથ ધરાતા સેકટરોમાં ગમે ત્યાં કચરો ઠલવાય તે અંગે પરિસ્થિતિમાં સુધાર આવ્યો છે. પરંતુ સેકટરોમાં શેરી સફાઈના નામે હજુ પણ મીંડુ છે. નિર્મળ નગર અને સ્વચ્છ ભારતના અભિયાન બાદ પણ સેકટરોની શેરીઓમાં ઉકરડાઓ જોવા મળી રહ્યા છે. ડોર ટુ ડોર કચરો એકત્રિત કરવાની વ્યવસ્થા મુજબ શહેરના સેકટરોની શેરીઓ ઉપરાંત જાહેરસ્થળોએ પણ નિયમિતરૂપે સફાઈ કામગીરી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. સરકારી કચેરીઓના સંકુલોમાં પણ સ્વચ્છતાનો અભાવ વર્તાય છે જયારે ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરને સ્વચ્છ અને સુંદર બનાવવા હાથ ધરાયેલ ઝુંબેશના અંતે હવે આંતરિક વિસ્તારોની યોગ્ય સફાઈ હાથ ધરવાની અનિવાર્યતા હોવાનો સૂર ઉઠવા પામ્યો છે.

"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર એટલે...

અમારી નહીં પરંતુ આપની પસંદગીના કાર્યક્રમ રજૂ કરતી અને આપ સૌના સાથ-સહકારથી પાંગરતી સંસ્થા. જે સને ૨૦૧૫-૧૬ના વર્ષ દરમિયાન ફિલ્મી ગીત-સંગીતના ચાર કાર્યક્રમ ઉપરાંત એક વિશિષ્ટ કાર્યક્રમ રજૂ કરવાની નેમ સાથે; "સંસ્કૃતિ" પ્રેમી-કલાપ્રેમી એવા આપ સૌને સંસ્થાના સભ્ય થવા આવકારે છે.

૨૦૧૫-૧૬ ના વર્ષનું સભ્યપદ મેળવીને આ કાર્યક્રમમાં પણ સામેલ થઈ શકો છો.

સંસ્થાનું સભ્યપદ મેળવવા માટે બાજુમાં દર્શાવેલ સ્થળે અથવા મોબાઈલ નંબરથી સંપર્ક કરવો. કાર્યક્રમના સ્થળેથી સભ્યપદ મેળવી શકાશે.

ગુડ મોર્નિંગ, ગોડ મોર્નિંગ...

એક સવાર... ઈશ્વર સાથે... ખુલ્લી આંખે....

કલાકારોઃ આરતી મુનશી, દર્શના ગાંધી ઠક્કર, શ્યામલ-સૌમિલ મુનશી

વકતાઃ જય વસાવડા

તારીખઃ ૧૫મી માર્ચ, ૨૦૧૫, રવિવાર | સમયઃ સવારે ૧૦-૦૦ | સ્થળઃ ટાઉન હોલ, ગાંધીનગર

સૌથી ઓછી સભ્ય ફી કપલ દીઠ રૂા.૧૦૦૦/- (વાર્ષિક)



સભ્યપદ માટેનાં ફોર્મ મેળવવા તથા ફી સાથે પરત કરવા સંપર્ક :

(૧) શ્રી મેહુલ પટેલ કેપિટલ પ્રિન્ટોરિયમ, શ્રીનાથ કોમ્પ્લેક્ષ, સેક્ટર-૨૨, ફોનઃ૨૩૨૪૩૬૨૩
(૨) શ્રી મનોજ જોષી, લિપિ ગ્રાફિક્સ, ૧૭-૨૨ સ્ટેન્ડ પાસે, સેક્ટર-૨૨ (મો.) ૯૮૨૫૪૪૭૭૩૩, ફોનઃ૨૩૨૪૦૩૩૩
(૩) શ્રી કમલેશ શાહ, ગ્રીન સીટી કુરિયર્સ, હાઉસિંગ બોર્ડના મકાન પાસે, ચીપ ટાઇપ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧. (મો.) ૯૯૭૮૮૮૩૪૬૬
(૪) નવા સચિવાલય : શ્રી પરાગ શુકલ (મો) ૯૯૭૯૭ ૨૪૯૦૩ શ્રી કલ્પેશ ભટ્ટ- (મો) ૯૮૨૫૪ ૦૯૦૦૪
(૫) જૂના સચિવાલય : શ્રી રસિક લિંબાચિયા (મો) ૯૬૨૪૯ ૧૯૧૯૭.
(૬) ઉદ્યોગ ભવન : શ્રી ગગુભા રાજ (મો) ૯૮૨૪૦ ૬૫૦૯૪
(૭) સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા : શ્રી મુકેશ મહેતા, ૯૪૨૯૬ ૮૨૧૬૬.
(૮) નવા સેક્ટર : કેપીટલ ફ્લેક્ષ બેનર્સ, મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષ, સેક્ટર-૧૧. ફોનઃ ૨૩૨૪૧૦૫૬

આવો... આજે જ સભ્યપદે નોંધાઇને નાવિન્યસભર કાર્યક્રમોનો આનંદ લૂંટો...

મનોજ શુકલ, મંત્રી, ૯૮૨૫૮૭૯૫૨૯ — રમેશ પટેલ, પ્રમુખ, ૯૮૨૫૦૩૮૩૭૮

સૌજન્ય : કેપિટલ ઓફસેટ, જી.આઇ.ડી.સી. સેક્ટર-૨૮, ગાંધીનગર. કેપિટલ પ્રિન્ટોરીયમ, ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, શ્રીનાથ કોમ્પલેક્ષ, સેક્ટર-૨૨, ગાંધીનગર.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com